## વાત-વાતમાં.....

- આગામી પ્રજાસત્તાક દિનની દિલ્હી ખાતે થનારી ઉજવણીમાં ગાંધીનગરની સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના ૨૮ સ્વયંસેવકો ભાગ લેવા દિલ્હી જવા રવાના થયાં છે. આ યુવાનો પરેડમાં રક્ષા મંત્રાલયના ટેબ્લોને રિપ્રેઝન્ટ કરશે અને ત્યારબાદ વડાપ્રધાન તથા રાષ્ટ્રપતિ સાથે પણ મુલાકાત કરશે.
- શહેરમાં સોશ્યલ મિડિયા થકી સકારાત્મક પ્રવૃતિઓ કરતા અનેક ગૃપ પૈકી એક "ગાંધીનગર ચમકાવું છે" નામનું ગૃપ પણ કાર્યરત છે. અત્યારે શિયાળાની કડકડતી ઠંડીમાં આ ગૃપના સ્વયંસેવકો દ્વારા કેટલાંક દિવસથી રોજ રાત્રે શહેરમાં ખુલ્લામાં રહેતા જરૂરિયાતમંદ વર્ગના શ્રમજીવી નાગરિકોને ગરમ ધાબળાના વિતરણનું સેવાકાર્ય કરવામાં આવી રહ્યું છે.

# વિધાનસભામાં સ્વામી વિવેકાનંદને પુષ્પાંજલી અર્પણ કરવામાં આવી



સ્વામી વિવેકાનંદની જન્મ જયંતી નિમિત્તે ગાંધીનગર ખાતે ગુજરાત વિધાનસભા પોડિયમમાં સ્વામી વિવેકાનંદના તૈલ ચિત્રને ગાંધીનગરના ધારાસભ્ય શંભુજી ઠાકોર તેમજ વિધાનસભાના ઓફિસર્સ સ્ટાફે પુષ્પાંજલિ અર્પી હતી.

# શહેરમાં કરૂણા અભિયાન અંતર્ગત ચાર કંટ્રોલ રૂમ તૈયાર કરાયાં

**તમામ તાલુકામાં પણ એક – એક કંટ્રોલ રૂમ શરૂ કરાશે : ઘાયલ થયેલા પશુ- પક્ષીઓની જાણ કરૂણા અભિયાન હેલ્પલાઇન નંબર- ૧૯૬૨ કરો**

ગાંધીનગર : તા. ૧૨

ઉત્તરાયણએ આનંદ અને ઉત્સાહનો પર્વ છે. ઉત્તરાયણના તહેવાર દરમ્યાન ઘાયલ થયેલા પક્ષીઓને તાત્કાલિક સારંવાર મળી રહે તેવા આશયથી સમગ્ર રાજયમાં કરૂણા અભિયાનનો આરંભ કરવામાં આવે છે. આ અભિયાનને વધુ સાર્થક બનાવવાના ઉમદા આશયથી આજે ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં ગાંધીનગર જિલ્લા કલેકટર કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે, ઉત્તરાયણ દરમ્યાન કેટલાય લોકો ધાબા પરથી પડી જવાના બનાવા બનતાં હોય છે તેમજ કેટલાય અબોલા પક્ષી – પશુઓ અને ટુ – વ્હીલર ચાલકો દોરીથી ઘાયલ થતાં હોય છે. ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરૂણા અભિયાન અતર્ગત ઉત્તરાયણ- ૨૦૨૦ના પર્વમાં આવી કોઇ ઘટનાનો ભોગ બનનાર વ્યક્તિ અને પશુ- પક્ષીઓને તાત્કાલિક સારંવાર મળી રહે તેવા ઉમદા આશયથી સમગ્ર જિલ્લામાં કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવનાર છે. પશુ-પક્ષીઓ ઘાયલ થાય તો કરૂણા અભિયાન એમ્બ્યુલન્સનો હેલ્પલાઈન નંબર – ૧૯૬૨ પર સંપર્ક કરી શકાશે. આ ઉપરાંત ગાંધીનગર ખાતે નાયબ વન સંરક્ષકની કચેરી, સેકટર-૧૭, ગાંધીનગર ખાતે ના કંટ્રોલ રૂમનો નંબર ૦૭૯- ૨૩૨ ૨૧૨૬૦તથા૦૭૯ ૨૩૨ ૩૯૮૭૨ ઈન્ચાર્જ અધિકારી કે.જે.ગોસ્વામી મોબાઈલ નંબર- ૭૫૭૨૯૯૧૨૮૬ છે.

વન ચેતના ખાતે શરૂ થનાર કંટ્રોલ રૂમનો નંબર –૦૭૯- ૨૩૨ ૬૦૬૩૨ છે. આ કંટ્રોલ રૂમના ઈન્ચાર્જ અધિકારી તરીકે બી.એન.દેસાલ મોબાઈલ નંબર ૯૭૨૬૯ ૫૦૭૫૮ છે. પરિક્ષેત્ર વન અધિકારીશ્રીની કચેરી, ચ-૦ સર્કલ ખાતેના કંટ્રોલ રૂમનો નંબર- ૦૭૯ ૨૩૨ ૪૬૯૨૨ છે જેના ઈન્ચાર્જ અધિકારી બી. એમ. પટેલ મોબાઈલ નંબર- ૬૩૫૩૫૯૮૦૮૫ અને રેન્જ ફોરેસ્ટ ઓફિસ, બોરીજના કંટ્રોલ રૂમનો નંબર–૦૭૯ ૨૩૨ ૬૦૬૩૨ છે. જેના ઈન્ચાર્જ અધિકારી તરીકે બી. એન. દેસાઈ મોબાઈલ નંબર-૯૭૨૬૯ ૫૦૭૫૮ છે તેની સાથે તાલુકા કક્ષાએ કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવનાર છે જેમાં દહેગામ કંટ્રોલ રૂમનો નંબર - ૦૨૭૧૬- ૨૩૩૦૭૪, કલોલ તાલુકા માટે ૦૨૭૬૪ ૨૨૨૧૫૨, માણસા તાલુકા માટે ૦૨૭૬૩ ૨૭૦૯૩૪ છે. દહેગામ તાલુકા ઈન્ચાર્જ અધિકારી વી. બી. વાઘેલાનો મોબાઈલ નંબર – ૯૮૨૫૭ ૨૦૯૯૯, કલોલ તાલુકાના ઈન્ચાર્જ અધિકારી પી.આર. રાઠોડનો મોબાઈલ નંબર- ૯૬૦૧૪ ૯૩૯૩૫ તથા માણસા તાલુકાના ઈન્ચાર્જ અધિકારી બી.એન.દેસાઈ નો મોબાઈલ નંબર –૯૭૨૬૯ ૫૦૭૫૮ છે. આ બેઠકમાં ગાંધીનગર મ્યુનિસિપલ કમિશનર ડૉ. રતનકંવર ગઢવીચારણ, નિવાસી અધિક કલેકટર એચ.એમ.જાડેજા, નાયબ જિલ્લા વનસંરક્ષક સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ચિલોડા પુલના છેડા પાસે કારમાંથી વિદેશી દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરને અડીને આવેલા ચિલોડા ખાતે નવીન બની રહેલા પુલના છેડા પાસે એક કારમાંથી વિદેશી દારૂનો જથ્થો એલીસીબી-૨ પોલીસે પકડી પાડ્યો છે. એલસીબીના પીઆઈ એચ. પી. ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન કોન્સ્ટેબલ ભવાનસિંહને દારૂની હેરાફેરી અંગે બાતમી મળી હતી કે હિંમતનગરથી દારુ ભરીને આવી રહેલી કાર અમદાવાદ તરફ જવાની છે. જેને પગલે એલસીબી-૨ પોલીસે ચિલોડા સર્કલ પાસેથી જી.જે.૦૧.એચ.જી.-૩૩૨૬ નંબરની અલ્ટો કારને પકડી વિદેશી દારુની ૮૪ બોટલ મેળવી હતી. કાર ચાલકનું નામ જરીફખાન જાહીદભાઈ શેખ (ઉં.વ.૨૮) (રહે.ખેતરશા બાબાની ચાલી ગોમતીપુર અમદાવાદ) હોવાનુ સામે આવ્યું હતું. દારુના જથ્થા અંગે પુછતા તેણે જણાવ્યું હતું કે આ કાર તેને તેના શેઠ ફિરોજભાઈ સબ્બીરભાઈ મણીયારે (રહે. મણીયારવાડા, ગોમતીપુર) શામળાજી આશ્રમ ચોકડી ખાતેથી ફિરોજભાઈએ આરોપીને દારૂ ભરેલી ગાડી આપી હતી. ત્યારબાદ તે દારૂ ભરેલી કારનુ પાયલોટીંગ કરતો હતો.



સ્વામિ વિવેકાનંદ જન્મ જયંતિ નિમિત્તે ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર રીટાબેન પટેલ, પ્રદેશ ભાજપ યુવા મોરચાના અધ્યક્ષ ડૉ. ઋત્વિજ પટેલ અને શહેર ભાજપ પ્રમુખ દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે વિવેકાનંદજીની પ્રતિમાનુ પૂજન કરી પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

## ખૂણેખાંચરેથી

- રાજયના ગ્રામ વિકાસ કમિશ્નરે ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના લોદરા, માણેકપુર અને માણસા તાલુકા પંચાયતની મુલાકાત લીધી હતી.
- માણસા તાલુકાના લોદરા ગામે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સુએઝ ટ્રિટમેન્ટ પ્લાન્ટ પણ તૈયાર કરવામાં આવ્યો છે.
- ચ-૫ અને ઘ-૫ ને જોડતા માર્ગ પર આજે નો પાર્કિંગ ઝોનને ખાસ પટ્ટીઓ બાંધી રક્ષિત કરાતાં આ વિસ્તારમાં આવેલી દુકાનોના સંચાલકો અને ગ્રાહકોને તકલીફ પડી હતી.
- એક્ઝીબીશન સેન્ટર ખાતે ગુજરાત ગોલ્ડ જ્વેલરી શૉ એ છેલ્લા દિવસે ભારે આકર્ષણ જમાવ્યુ હતુ.
- વિવેકાનંદ જન્મ જયંતિની ઉજવણીના કાર્યક્રમોને પગલે આજે રજાનો દિવસ હોવા છતાં તંત્ર સતત દોડતુ રહ્યુ હતુ.
- જી ઈ કલબ દ્વારા સંચાલિત ચિલ્ડ્રન કલબનાં સભ્ય બાળકોએ ઍસઍસવી કૅમ્પસ ખાતે મનોદિવ્યાંગ બાળકો સાથે ઉત્તરાયણની ઉજવણીનો આનંદ માણ્યો હતો.





ગઈકાલે ગાંધીનગરની એક દિવસની મુલાકાતે આવેલા કેન્દ્રના ગૃહમંત્રી અને ગાંધીનગરના લોકપ્રિય સાંસદ અમીત શાહે સ્વચ્છતા અભિયાનને સમર્થન કર્યુ હતુ. આ સમર્થનમાં તેમની સાથે રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, રાજ્ય ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા, વિભાવરીબેન દવે તેમજ પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણી અને મેયર રીટાબેન પટેલ પણ જોડાયા હતા તેની તસ્વીર.

# લેકાવાડાના માનસિક દિવ્યાંગ યુવાનને ગામના શખ્સે ઈજા પહોંચાડતાં ફરીયાદ

ગાંધીનગર, તા.૧૨

લેકાવાડા ગામે હત્યાના પ્રયાસની ઘટના સામે આવી છે. જેમાં ૩૫ વર્ષિય માનસિક દિવ્યાંગ યુવકને ગામના શખ્સે માથામાં કોઈ હથીયાર મારતા ગંભીર રીતે ઈજા પહોંચતા અમદાવાદ સિવિલ સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. લેકાવાડા નીચાવાળો વાસમાં રહેતા વિણાબા વરવાજી વાઘેલા (ઉં.વ.૬૦) અલગ રહે છે અને તેમના માતા-પિતા પણ અલગ ઘરમાં રહે છે. ફરીયાદીનો ૩૫ વર્ષિય ભાઈ ભરતસિંહ છે, જે માનસિક દિવ્યાંગ છે. શનિવારના ૧૧ વાગ્યાના અરસામાં તેમને જાણવા મળ્યું કે પોતાના ભાઈને અમદાવાદ સિવિલ ખાસે સારવાર માટે લઈ જવાયો છે. જેથી અમદાવાદ સિવિલ પહોંચ્યા બાદ પોતાનો ભાઈ બેભાન અવસ્થામાં સારવાર હેઠળ નજરે પડ્યો હતો. ફરીયાદીના આક્ષેપ મુજબ લેકાવાડા ગામના જુહાજી ચતુરજી ઠાકોરે કોઈ કારણોસર કોઈપણ હથીયારથી ઘા મારીને ઈજા પહોંચાડવાનો પ્રયાસ કર્યો છે.

# સરગાસણ પાસે કારની ટક્કરે સ્કૂટરસવાર બે શિક્ષકો ઘાયલ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર સરખેજ માર્ગ પર સરગાસણ ચાર રસ્તા પાસે કારની ટક્કરે એકટીવા પર જતા બે શિક્ષિકાને ઈજા પહોંચી હતી. અડાલજની માણેકબા પ્રાથમિક શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતા શાલિનીબેન યોગેશકુમાર પટેલે (રહે. સકેટર-૨) સેકટર-૭ પોલીસ મથકમાં નોંધાવેલી ફરીયાદ મુજબ શનિવારે તેઓ શાળાના અન્ય શિક્ષિકા હર્ષાબેન જીગ્નેશભાઈ પટેલ (રહે.સે-૮) સાથે એકટીવા પર શાળાએથી ઘરે આવી રહ્યા હતા. ત્યારે બાર વાગ્યાના અરસામાં અડાલજ થી સરગાસણ તરફના માર્ગ પર ચર્ચની સામે ડાયવર્ઝન માર્ગ પર જતા જ અચાનક એક કાર ચાલકે એકટીવાને ટક્કર મારી હતી. જેમાં બંન્ને શિક્ષિકા માર્ગ પર પટકાયા હતા. અકસ્માતને પગલે દોડી આવેલા નાગરીકોએ સારવાર માટે નજીકની ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. અકસ્માતમાં શાલિનીબેનને માથાના ભાગે તેમજ શરીરે ઈજાઓ પહોંચી છે. જયારે વર્ષાબેનને માથાના ભાગે ઈજાઓ અને શરીરના અંદરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેઓ સારવાર હેઠળ છે. શાલીનીબેને કાર નં જી.જે.૦૧.એચ.યુ.-૧૦૭૪ ના ચાલક સામે ગુનો નોંધાવતા પોલીસે ફરાર કાર ચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# મહાત્મા મંદિર ભલે સરકારે બનાવ્યું પણ તેનું સંચાલન હોટલ લીલા વેન્ચર કરે છે

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ જે તે સમયે ૫૦૦ કરોડ રૂપિયાના ખર્ચે મહાત્મા મંદિર બનાવીને ગાંધીનગરને નવી ઓળખ તો આપી દીધી છે પરંતુ તેનું સંચાલન રાજ્ય સરકાર કરતી નથી. જાળવણીનું પણ પ્રાઈવેટ પાર્ટીને આપી દેવામાં આવ્યું છે. ઉદ્યોગ વિભાગના સૂત્રોએ કહ્યું છે કે મહાત્મા મંદિર કન્વેન્શન સેન્ટરની ઈન્ડીપેન્ડેન્ટ વાયેબિલીટી વધારવા અને મંદિરને આંતરરાષ્ટ્રીય ધોરણે ચલાવવાની ટેકનિક માટે દિલ્હી સ્થિત લીલા વેન્ચર લિમિટેડને ૨૫ વર્ષ માટે સંચાલન તેમજ જાળવણીનું કામ સોંપવામાં આવ્યું છે. આ કંપનીને મેનેજમેન્ટ ફી તરીકે બેઈઝ ફી અને પ્રોત્સાહક ફી ચૂકવવાનું નક્કી થયું છે. બેઈઝ મેનેજમેન્ટ માટે પ્રત્યેક નાણાકીય વર્ષની કુલ આવકના બે ટકા રકમ તેમજ કુલ નફામાંથી ફી તરીકે ચૂકવેલી રકમ બાદ કરતાં બાકી રહેતા એડજસ્ટમેન્ટ નફામાંથી સંચાલન વર્ષને ધ્યાને લઈ ગ્રોસ ઓપરેટીંગ પ્રોફિટના શૂન્ય ટકા થી ૬.૫ ટકા સુધીની રકમ પ્રોત્સાહક ફી તરીકે ચૂકવવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો છે. નોંધનિય છે કે મહાત્મા મંદિરની છેલ્લા બે વર્ષની આવકનો આંકડો ૧૭.૫૦ કરોડ રૂપિયા થયો છે. આ જગ્યાએ બે વર્ષમાં વાયબ્રન્ટ સમિટ સહિત કુલ ૫૧ સરકારી અને ૫૬ ખાનગી કાર્યક્રમો થયાં છે.

**સૌથી વધુ જીએસટી ચૂકવતાં જિલ્લામાં અમદાવાદ, વડોદરા, કચ્છનો સમાવેશ**

**સચિવાલયમાં પ્રવેશ લેવો હોય તો રૂપિયા ખર્ચો...**

સચિવાલયમાં પ્રવેશ માટે રાજ્યના સામાન્ય વહીવટ વિભાગે એન્ટ્રીકાર્ડની જોગવાઈ શરૂ કરી છે. આ કાર્ડ કર્મચારીઓ ઉપરાંત બિન સરકારી મહેમાનોને આપવામાં આવતા હોય છે. આ એન્ટ્રીકાર્ડ એક વર્ષ સુધી ઉપયોગ કરીને બીજા વર્ષે રિન્યુ કરવામાં આવે છે. બિન સરકારી મહેમાનોની મુલાકાતથી સરકારને એન્ટ્રીકાર્ડની આવક પણ થાય છે. સચિવાલયની સલામતીના કારણોસર એન્ટ્રીકાર્ડ કાઢી આપવાની ફી ૨૦૦ રૂપિયા નિર્ધારિત કરવામાં આવેલી છે. આ વિભાગે છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૬૨૦૮ મહેમાનોને એન્ટ્રીકાર્ડ આપ્યાં છે જેમાં ઉદ્યોગજૂથોના પ્રતિનિધિઓ ઉપરાંત જેઓને કાયમી સચિવાલયમાં અવર-જવર કરવાની હોય છે તેમનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ એન્ટ્રીકાર્ડથી સામાન્ય વહીવટ વિભાગને પાંચ વર્ષમાં ૧૨.૪૧ લાખ રૂપિયાની આવક થઈ છે. વિભાગે જણાવ્યું છે કે આ કાર્ડ જે તે સંસ્થાની રેપ્યુટેશન જોઈને જે તે વિભાગની ભલામણથી કાઢી આપવામાંઆવતા હોય છે.

**પ્રોફેસરો વિનાની બાળકોની યુનિવર્સિટી પણ છે...**

વી બિલ્ડ ધ બેસ્ટ એજ્યુકેશન એનવાયર્નમેન્ટ ફોર ચિલ્ડ્રન --એવા રૂપકડાં નામ સાથે ગાંધીનગરમાં ૨૦૦૯માં શરૂ કરવામાં આવેલી ચિલ્ડ્રન યુનિવર્સિટીમાં સ્ટાફની ભારે અછત પ્રવર્તી રહી છે. આ યુનિવર્સિટીનો ઉદ્દેશ બાળકોનો વિકાસ કરવાનો અને શિક્ષણનું સ્તર સુધારવાનો છે. આ યુનિવર્સિટી બાળકો માટે શિક્ષણમાં નવા સંશોધનો પણ કરતી હોય છે. આ સંસ્થામાં પાંચ પ્રોફેસર, ૧૦ એસોસિયેટ પ્રોફેસર અને ૨૦ આસીસ્ટન્ટ પ્રોફેસરની જગ્યાઓ મંજૂર કરવામાં આવેલી છે પરંતુ હાલની સ્થિતિએ પ્રોફેસર અને એસોસિયેટ પ્રોફેસરોની તમામ જગ્યા ખાલી છે જ્યારે આસીસ્ટન્ટની માત્ર છ જગ્યા જ ભરાયેલી છે. સંસ્થામાં કુલ ૨૯ જગ્યાઓ ખાલી પડી છે. આ સંસ્થાનું લક્ષ્ય બાળકો, શિક્ષકો, માતા-પિતા, કેળવણીકાર ઉપરાંત એમફીલ, પીએચડી વિદ્યાર્થીઓ, આંગણવાડી શિક્ષકો સહિત લાંબા અને ટૂંકાગાળાના અભ્યાસક્રમો છે. આ યુનિવર્સિટી ગાંધીનગરમાં બનાવવામાં આવેલી છે પરંતુ સ્ટાફના અભાવે કેવી રીતે ચાલે છે તે સરકારના શિક્ષણમંત્રીને પૂછવું પડે...

**બાળકોનું ભોજન ક્યાં બનાવશો, મોટો પ્રશ્ન...**

ગુજરાતની સ્કૂલોમાં બાળકો અભ્યાસ કરવા આવે તે આશયથી શરૂ કરેલી મધ્યાહ્ન ભોજન યોજનામાં સૌથી મોટું વિઘ્ન આવ્યું છે. રાજ્યની કેટલીક સ્કૂલોમાં બાળકોના ભોજન માટે કેટલીક સંસ્થાઓને રૂપિયા ચૂકવીને તેમની પાસેથી ભોજન ખરીદવામાં આવે છે પરંતુ કેટલીક જગ્યાએ સ્કૂલના એક ખૂણામાં બાળકો માટેના ભોજન બનતાં પણ હોય છે. એવું ધ્યાને આવ્યું છે કે સ્કૂલોમાં બાળકો માટે પીવાના પાણીની વ્યવસ્થા હોતી નથી. વીજળીનું જોડાણ હોતું નથી. બાળકો માટે ટોયલેટ હોતું નથી. કેટલીક સ્કૂલોમાં બાળકોને રમવા માટેના મેદાન પણ નથી. પૂરતા ઓરડા કે શિક્ષકો પણ હોતા નથી. હવે મધ્યાહ્ન ભોજન બનાવવા માટેના અલગ ઓરડા પણ નથી. રાજ્યની ૮૦૦ જેટલી સ્કૂલો એવી છે કે મધ્યાહ્ન ભોજન બનાવવા માટે સ્કૂલો પાસે અલગથી ઓરડા પણ મોજૂદ નથી. સરકારમાં વારંવાર ફરિયાદ કરવામાં આવે છે ત્યારે શિક્ષણ વિભાગ એવો જવાબ આપે છે કે-- ગ્રાન્ટ અને જમીન ઉપલબ્ધ થયા પછી ભોજન બનાવવાના ઓરડા બનાવવામાં આવશે.

**રાજ્યના ખાણ માફિયાઓ પાસેથી સરકારને ૧૨૦૦ કરોડનો દંડ લેવાનો બાકી**

**GST ચૂકવતા રાજ્યના ટોપ ફાઇવ જિલ્લા...**

ગુજરાતમાં સૌથી મોટી આવક ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)ની છે. આ આવક ક્યા જિલ્લામાંથી કેટલી મળે છે તેના આંકડા પણ રસપ્રદ છે. રાજ્યમાં સૌથી વધુ જીએસટી ભરતું શહેર અને જિલ્લો અમદાવાદ છે. અમદાવાદ જિલ્લામાંથી જીએસટીની સૌથી વધુ આવક રાજ્ય સરકારને મળે છે. બીજાક્રમે વડોદરા જિલ્લો, ત્રીજાક્રમે કચ્છ જિલ્લો, ચોથા ક્રમે સુરત અને પાંચમે જામનગર જિલ્લો આવે છે.

આમ તો રાજ્યના કુલ ૩૩ જિલ્લામાંથી જીએસટીની આવક સરકારને મળી રહી છે પરંતુ આ પાંચ જિલ્લા જેટલી આવક બીજા કોઈ જિલ્લાની નથી. ચાર આંકડાની આવક સુધી પહોંચેલો અન્ય એક જિલ્લો ભરૂચ છે, બાકીના જિલ્લાઓમાં આવક ત્રણ અંકોમાં થાય છે. રાજ્યના આદિવાસી વિસ્તારના જિલ્લા જેવાં કે અરવલ્લી, મહીસાગર, છોટાઉદેપુર, નર્મદા, ડાંગ અને તાપીમાં જીએસટીની આવક ખૂબ ઓછી જોવા મળે છે. ઓછી આવકનું કારણ આ વિસ્તારોમાં ઉદ્યોગોની અછત કહી શકાય છે.

**છેલ્લા પાંચ વર્ષમાં સિંહ અને દિપડાએ ૨૩,૦૦૦ થી વધુ પશુઓને મારી નાંખ્યા**

**સિંહ-દિપડાએ ૨૩૦૦૦થી વધુ પશુ મારી નાંખ્યા...**

ગુજરાતના જંગલ વિસ્તારમાં આવેલા સિંહ, દીપડા અને અન્ય હિંસક પ્રાણીઓ હવે નવા શિકારની શોધમાં છે. જંગલ વિસ્તાર ઘટતો જતો હોવાથી અને હિંસક પ્રાણીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતાં હિંસક પ્રાણીઓ ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારમાં ઘૂસી જવાના બનાવો બને છે. રાજ્યમાં સિંહ માનવીઓ પર હુમલો કરતો નથી પરંતુ છેલ્લા પાંચ વર્ષમાં દિપડાના માનવીઓ પરના હુમલા વધ્યા છે. રાજ્યમા છેલ્લા પાંચ વર્ષમાં હિંસક પ્રાણીઓના હુમલાના કારણે ગ્રામ્ય વિસ્તારમાં ૨૩૦૦૦થી વધુ દૂધાળાં અને બિન દુધાળાં પશુઓ શિકાર બને છે. પશુ મારણના બનવાનો રાજ્યના તમામ જિલ્લાઓમાં બને છે. પાંચ વર્ષની એવરેજ ૪૦૦૦ પશુઓની છે પરંતુ છેલ્લા વર્ષમાં કુલ ૫૫૩૬ પશુઓના શિકાર થયાં છે. એટલે કે આંકડો વધતો જાય છે. રાજ્યનો પશુપાલક તેમના દૂધાળાં પશુઓને હિંસક હુમલા સામે બચાવી શકતા નથી ત્યારે ગુજરાત સરકારના વન વિભાગ દ્વારા પશુપ્રમાણે પાલકને સહાય આપવામાં આવે છે. સરકાર ગાય, ભેંસ, ઉંટ માટે ૩૦૦૦૦, બકરી અને ઘેટાં માટે ૩૦૦, ઉંટ, ઘોડા અને બળદ માટે ૨૫૦૦૦ તેમજ પાડી, પાડા, કે વાછરડાં માટે ૧૬૦૦૦ રૂપિયા આપે છે. રાજ્યમાં પાંચ વર્ષમાં કુલ ૨૩૦૮૮ પશુઓનો શિકાર કરવામાં આવેલો છે.

**ડાંગ સિવાય તમામ જિલ્લાઓમાં ખનીજ ચોરી...**

ગુજરાતમાં ખનીજ ચોરીના કિસ્સા ક્યારેય ઘટ્યાં નથી. વર્ષોવર્ષ તેમાં વધારો થતો રહે છે. સરકાર રાજ્યની જમીનમાંથી ખનીજો કાઢવાની લીઝ કે પરમિશન આપે છે પરંતુ ગેરકાયદે ખનીજકામનો એટલો મોટો ધંધો ચાલે છે કે જેમને ખનીજ માફિયા નામ આપવામાં આવતા હોય છે. દેશના બીજા રાજ્યોમાં હોય છે તેવા ખનીજ માફિયાઓ ગુજરાતમાં પણ સક્રિય છે. રાજ્યના ખનીજ માફિયાઓ પ્રતિવર્ષ સરેરાશ ૧૦૦ કરોડ રૂપિયાનો દંડ ભરતા હોય છે. ગુજરાતમાં ખનીજની રોયલ્ટી પેટે રાજ્ય સરકારને વર્ષે ૫૦૦૦ કરોડ રૂપિયા મળે છે પરંતુ એનાથી મોટી રકમની ખનીજોની ચોરી થાય છે. સરકારે છેલ્લા પાંચ વર્ષમાં ખનીજ માફિયાઓ પાસેથી કુલ ૩૦૦ કરોડ રૂપિયાની વસૂલાત કરી છે પરંતુ તેનાથી ૧૦ ગણી રકમનું ખનીજ ગેરકાયદે ચાલ્યું ગયું છે, આમ છતાં ખનીજ ચોરી પેટે ખાણ માફિયાઓ પાસેથી સરકારને હજી ૧૨૦૦ કરોડ રૂપિયાના દંડની રકમ વસૂલવાની બાકી છે. સૌથી વધુ દંડની રકમ પૈકી અમદાવાદમાં ૪૦૫ કરોડ, દ્વારકામાં ૨૦૦ કરોડ, ગીર સોમનાથમાં ૧૩૦ કરોડ અને ભાવનગરમાં ૧૦૦ કરોડ બાકી છે. પાંચ વર્ષમાં ખાણ અને ખનીજ રોયલ્ટી ચોરીના સૌથી વધુ કેસો છોટાઉદેપુર અને સુરત જિલ્લામાં નોંધાય છે. એ ઉપરાંત સૌથી વધુ ખનીજ ચોરી અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા, સુરેન્દ્રનગર, જામનગર, ભાવનગર અને નવસારીમાં થતી હોય છે. ખનીજ ચોરીમાં ડાંગને બાદ કરતાં રાજ્યનો એકપણ જિલ્લો બાકાત નથી. પાંચ વર્ષમાં રાજ્યમાં ૨૨ હજાર કરતાં પણ વધારે કેસો નોંધાયેલા છે. એક વર્ષની એવરેજ કાઢીએ તો પ્રતિવર્ષ રાજ્યમાં ૪૦૦૦ કરતાં વધુ કેસો થતાં હોય છે.





**ભાજપને નવા પ્રદેશ પ્રમુખ મળશે...**

ગુજરાત ભાજપમાં સંગઠનની ચૂંટણીમાં ત્રણ મહિનાનો વિલંબ થયો છે. હવે આ મહિનાના અંત સુધીમાં જિલ્લા પ્રમુખો તેમજ રાજ્ય પ્રમુખ સહિતના હોદ્દેદારોની નિયુક્તિ થાય તેવી સંભાવના છે. સંગઠનના મામલે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી વિજય રૂપાણી તેમજ પાર્ટીના પ્રદેશ હોદ્દેદારો વચ્ચે ચર્ચા થઈ છે. પાર્ટીના સૂત્રો કહે છે કે હાલના એડહોક પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીને બીજો ચાન્સ મળે તેમ નથી. પાર્ટીના નવા પ્રમુખ પાટીદાર અથવા તો ઓબીસી સમુદાયમાં આવશે તે પણ નિશ્ચિત છે.